સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ



# અમૃત - નવરાત્રિ પર્વનો આધ્યાત્મિક મર્મ

ભારતનો ઈતિહાસ નારીશક્તિની અદ્ભુત કાર્યસિદ્ધિ દર્શાવે છે. નરશક્તિને નિપજાવનાર-રચયિતા નારી જીવનની સર્વ વ્યાવહારિક શક્તિઓનું સંચયસ્થાન છે. નારીશક્તિની કાર્યવિધિ એટલી ઊંચી અને પ્રશંસનીય છે, તે તો આપણી સંસ્કૃતિ પણ દર્શાવે છે. માભોમને સર્વોચ્ચ શિખરે રાખવામાં અને અધ્યાત્મપ્રધાન બનાવવામાં નારીશક્તિનો ફાળો મોખરે છે. નારીશક્તિના મહિમાનો પૂર્ણ મહોત્સવ એટલે નવરાત્રિ ઉત્સવ. અલબત્ત, પ્રત્યક્ષ રીતે કે પરોક્ષ રીતે, દેશની ઉન્નતિમાં નારીઓનો સહકાર અને સહયોગ છે. તેને પરિણામે જ ‘વંદે માતરમ્’, ‘માતૃદેવો ભવ’, ‘નારી તું નારાયણી’ જેવાં સૂત્રો પ્રચલિત થયાં છે. નારીરત્નરૂપે મા સરસ્વતી, જગદંબા, લક્ષ્મી, કાલી અને અન્ય દેવીઓનું નવરાત્રિમાં ઠેરઠેર ભાવભર્યું પૂજન થાય છે. “હે મા! શક્તિ આપો, પુત્ર આપો” જેવી અનેક મનોકામનાઓ ફળીભૂત કરવા ભક્તજનોની કતાર તો માના આંગણે લાગેલી જ હોય છે. આવી અનેક શક્તિઓને જન્મ આપનાર ભારતભૂમિ-ભારતમાતા સાચે જ શક્તિનો અવતાર છે.

પરંતુ એ જ શિવશક્તિઓ અને મહાવીર પુરુષાર્થી આત્માઓનો વંશજ આજનો નારીસમાજ પોતાના વીરતાભર્યાં ઉચ્ચ કર્તવ્યોને ભૂલીને દેહશણગાર અને આસક્તિભર્યાં દેહસંબંધોને સાચવવા માત્રને પરમ કર્તવ્ય માની બેઠો છે. ત્યાં એ દેવીઓના, શક્તિઓના વાસ્તવિક ઈતિહાસ રજૂ કરવાનું સહેજે મન થાય છે. અષ્ટભુજાધારી શક્તિઓની જીવનકહાની અને સર્વશક્તિમાન નિરાકાર શિવ પરમપિતા પરમાત્મા શું બતાવે છે, તે સમાજ સમક્ષ જાહેર થવું જોઈએ, જેથી નારીસમાજ સાચા માર્ગે ચાલે અને આધ્યાત્મિક




તથા સામાજિક ક્ષેત્રે જાગૃત થાય. નારીશક્તિ ચમકી છે, આધ્યાત્મિક ક્ષેત્રે પણ નિરહંકારી ભાવે આગવું સ્થાન હોવું જોઈએ. આજે વાતો ઘણી થાય છે; હવાઈ કિલ્લા અને મોટી મોટી યોજનાઓ ઘડાય છે, પરંતુ અમલમાં કંઈ નથી. આવા સમયે નારીસમાજે ચારિત્રિક ઉત્થાનના કર્તવ્યને મુખ્ય સ્થાન આપવું જોઈએ. ‘જેવું કર્મ હું કરીશ, મારું જોઈ અન્ય કરશે’ એ જ આપણું જીવનસૂત્ર હોવું ઘટે. એવા કર્તવ્યપરાયણ થવા માટે મહાન વિભૂતિઓની કર્મકહાની જાણવી વિશેષ જરૂરી છે. દેવી જેવાં બનવા માટે આપણી પાસે દેવીઓનાં જીવનચરિત્રોની સાચી માહિતી હોવી જોઈએ. કમનસીબી એ વાતની છે કે જે દેવીઓ, શક્તિઓ અને મહાવીર આર્ય સન્નારીઓનું વર્ષોવર્ષ પૂજન-અર્ચન કરતાં આવ્યા છીએ, છતાં આપણને તેમના જીવનના આદિ, મધ્ય અને અંતનો સાચો ખ્યાલ નથી, સાચી સમજ નથી. એ દેવીશક્તિ ધરાવતી દેવીઓને પણ કલંક લગાડવામાં બાકી રાખી નથી. એ સરસ્વતી, જગદંબા, કાલી, દુર્ગા કોણ હતી? તેઓ ક્યારે થઈ ગઈ? તેમણે એવું તો કયું કર્તવ્ય કર્યું હશે, જેને કારણે તેમની યાદગાર છે? આટલો મહિમા છે? તેમને શક્તિ સ્વરૂપ અને દૈવી ગુણયુક્ત બનાવનાર

> **કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકારરૂપી વિકારોથી દૂર રહીએ અને સુખ, શાંતિ તથા પવિત્રતાની પ્રાપ્તિનો અનુભવ કરીએ**

તેમનાથી પણ ઉચ્ચ કોણ છે? આ પ્રશ્નોના જવાબ આપણી પાસે નથી. જગદંબા-સરસ્વતીનાં અન્ય ગુણવાચક અથવા કર્તવ્યવાચક નામ દુર્ગા, કાલી વગેરે પણ છે. દુર્ગાસપ્તશતીમાં લખ્યું છે કે જે દુર્ગમ સંસારરૂપી સાગરમાંથી પાર ઉતારનારી નૈયારૂપ છે, તે જ શક્તિ દુર્ગા છે. જગદંબા સરસ્વતીને જ ‘દુર્ગા’ એટલા માટે કહેવામાં આવી છે, કારણ કે તેઓ મનુષ્ય આત્માઓને ઈશ્વરીય જ્ઞાન અને સહજ રાજયોગના શિક્ષણ દ્વારા કળિયુગી વિષયસાગરમાંથી પાર થવાની અઘરી યાત્રાને સફળ બનાવે છે. કાળનો અર્થ મૃત્યુ છે અને કાળ પર વિજય પ્રાપ્ત કરાવનારીને કાલી કહેવામાં આવે છે. આ જ શિવશક્તિ અથવા બ્રહ્માકન્યા સરસ્વતી ઈશ્વરીય જ્ઞાન, સહજ રાજયોગ તથા પવિત્રતાની ધારણાથી ભવિષ્યમાં રાજરાજેશ્વરી શ્રી લક્ષ્મી અથવા શ્રી વૈષ્ણવી દેવીનું પદ પ્રાપ્ત કરે છે. પરંતુ આજે આપણે આ ગૂઢ રહસ્યોને ભૂલી ગયા છીએ. આ જ શક્તિઓએ મહિષાસુર, મધુ, ચંડ-મુંડ વગેરે અસુરોનો નાશ કર્યો હતો. વાસ્તવમાં ભેંસને મહિષી કહેવામાં આવે છે. તેમજ કામવાસનાને કારણે અપવિત્ર થયેલી સ્ત્રીને પણ તેવું નામ આપવામાં આવે છે. તેથી મહિષાસુરનો ભાવાર્થ છે ‘કામવિકાર’. ‘મધુ’નો અર્થ માખી અને મદિરા (શરાબ) પણ થાય છે. લોભી માણસને સંસારના વિષય-પદાર્થો ‘મધુ’ સમાન લાગે છે અને તે તેમને પ્રાપ્ત કરતાં કરતાં શરાબીની જેમ તેના નશામાં ચકચૂર રહે છે. તેથી ‘મધુ’ શબ્દ ‘મધ’, ‘મોહ’ અને લોભની ચાસણીનો સંકેત કરે છે. ‘ચંડ’ શબ્દનો ભાવાર્થ ‘ક્રોધ’ છે. એ રીતે ‘નિશુંભ’ શબ્દનો અર્થ હનન અથવા હિંસા થાય છે. તેથી આ વિકારરૂપી અસુરોનો નાશ કરનારી શક્તિઓ, ભારતમાતાઓ અથવા બ્રહ્માકન્યાઓ આજ સુધી મહિમા અને ગાયનને પાત્ર છે.

અલ્પ સમયમાં જ ભારતમાં સતયુગ આવનાર છે. આ દૃષ્ટિકોણથી મધુ-કૈટભનો વધ, નિશુંભનો સંહાર તથા મહિષાસુરના મર્દનના પ્રસંગને યોગ્ય રીતે જાણીને જ્ઞાન-યોગ દ્વારા પવિત્ર બનવાનો પુરુષાર્થ કરવાથી મનુષ્યનાં પાપનો નાશ થશે અને ભારતમાં સતયુગનો આરંભ થશે. સુખ, શાંતિ અને પવિત્રતા, જે આપણે ઈચ્છીએ છીએ, તે ત્યારે જ પ્રાપ્ત થશે, જ્યારે નારીઓનું સર્વત્ર સન્માન અને પૂજન થશે.

મિત્રો, આપણે પણ જીવનમાં આવા આદર્શને અપનાવીએ, પ્રત્યેક નારીનું સન્માન કરીએ, નવરાત્રિ પર્વ મનાવીએ અને સાચા અર્થમાં કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકારરૂપી વિકારોથી દૂર રહીએ તથા સુખ, શાંતિ અને પવિત્રતાની પ્રાપ્તિનો અનુભવ કરીએ, એવી શુભેચ્છાઓ સાથે.

**જ્ઞાનામૃત**
**બ્રહ્માકુમાર અનિલ**

---

# બેદરકારી ક્યાં સુધી ?

બેદરકાર વૃત્તિનું પરિણામ કેટલું ભયંકર હોઈ શકે તેનું સૌથી કરુણ ઉદાહરણ ટાયટેનીક (Titanic) જહાજ છે. વિશ્વનું અતિ ભવ્ય અને લગભગ મજબૂત ગણાતું આ જહાજ પોતાની પ્રથમ સફરે નીકળ્યું. માર્ગમાં હિમખંડોની ચેતવણીઓ મળી હતી, છતાં પૂરતી સાવચેતી રાખવામાં આવી નહીં. ઝડપ ઘટાડવાની કે માર્ગમાં જરૂરી ફેરફાર કરવાની જગ્યાએ બેદરકારીભર્યો આત્મવિશ્વાસ જળવાઈ રહ્યો. અંતે એક વિશાળ હિમખંડ સાથે અથડાતાં Titanic સમુદ્રમાં ગરકાવ થઈ ગયું અને 1,500થી વધુ લોકોનાં મૃત્યુ થયાં. બેદરકારીની અભિવ્યક્તિ ‘ચાલશે’ શબ્દથી થાય છે. આ માનસિકતાની કિંમત ક્યારેક માત્ર એક ભૂલ નહીં પરંતુ અસંખ્ય જિંદગીઓ બની શકે છે.

આવી જ બીજી એક ઘટના અમેરિકાના પ્રથમ શુક્ર ગ્રહ અભિયાનની છે. શુક્ર ગ્રહ તરફ મોકલાયેલા પ્રથમ અમેરિકન ઉપગ્રહની દિશા નક્કી કરતી વખતે ગણતરીમાં થયેલી નાનકડી બેદરકારીને ‘ચાલશે’ કહીને અવગણવામાં આવી. પરિણામે ઉપગ્રહ નિર્ધારિત માર્ગ છોડીને ખોટી કક્ષામાં પહોંચી ગયો અને આખો પ્રયોગ નિષ્ફળ ગયો. ‘ચાલશે’નું પરિણામ આવ્યું - અપકીર્તિ અને નિષ્ફળતા.

હા, મિત્રો! ‘ચાલશે’ જેટલો વિનાશક શબ્દ કદાચ બીજો કોઈ નહીં હોય. જેને જીવનમાં પતન, નિંદા અને નિષ્ફળતાથી બચીને શ્રેષ્ઠ સિદ્ધિઓ પ્રાપ્ત કરવી હોય, તેણે આ શબ્દને પોતાના શબ્દકોશમાંથી સદાકાળ માટે કાઢી નાખવો જોઈએ. વ્યક્તિની થોડી બેદરકારી પણ જીવનના સરવાળે અત્યંત મોંઘી પડી શકે છે.

જે કાર્ય આ ક્ષણે કરવાનું હોય તેને માત્ર એક સેકન્ડ માટે પણ ટાળવાનો વિચાર આવે, તે પણ એક પ્રકારની આળસ જ છે. સામાન્ય લોકો દિવસો અને કલાકોના પરિમાણમાં જીવતા હોય છે, જ્યારે મહાન




વ્યક્તિઓ મિનિટો અને સેકન્ડોના મૂલ્યને સમજે છે. તેથી જ ‘કાલે’, ‘ચાલશે’ અથવા ‘પછી કરીશું’ જેવા શબ્દો તેમના જીવનમાં સ્થાન પામતા નથી. આ જ તેમની મહાનતાનું રહસ્ય છે.

શું કોઈ કલ્પના કરી શકે કે ગુજરાતના એક અંતરિયાળ ગામડામાં જન્મેલો એક સામાન્ય બાળક Guinness Book of World Records દ્વારા છેલ્લા હજાર વર્ષની સૌથી પ્રતિભાશાળી વીસ વ્યક્તિઓમાં સ્થાન મેળવે? શું કોઈ વિચારી શકે કે માત્ર સાતમા ધોરણ સુધી ભણેલો એક ખેડૂતપુત્ર સંયુક્ત રાષ્ટ્ર સંઘ (UNO)ની મહાસભામાંથી સમગ્ર વિશ્વને શાંતિ અને સંવાદિતાનો સંદેશ આપે? શું કોઈ માની શકે કે નળિયાંવાળા ઘરમાં ઉછરેલા બાળકને Guinness Book of World Records દ્વારા ‘Master Builder’ નું બિરુદ પ્રાપ્ત થાય?

**જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ ગીતા**
**સાધુ જ્ઞાનાનંદદાસ**

આવા અસંખ્ય આશ્ચર્યોથી વિશ્વવંદનીય સંત પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું જીવન શોભાયમાન છે. ૯૫ વર્ષના જીવનકાળમાં તેમણે સેંકડો વર્ષો જેટલું કાર્ય કરીને સમગ્ર વિશ્વને અચંબિત કરી દીધું. તેમની આ અદ્વિતીય સિદ્ધિઓ પાછળનાં અનેક કારણોમાંનું એક મહત્ત્વનું કારણ હતું, તેમના જીવનમાં ‘ચાલશે’ અને ‘કાલે’ જેવા શબ્દોને કોઈ સ્થાન નહોતું. તેઓ હંમેશાં ‘આજનું કામ આજે જ કરીએ’ એ જીવનમંત્રને અનુસરતા.

સાડા સાત લાખથી વધુ પત્રો વાંચીને તેના વ્યક્તિગત જવાબ આપનાર પ્રમુખસ્વામી મહારાજની કાર્યનિષ્ઠા અદ્ભુત હતી. એક વખત તેઓ પત્રોની એક થપ્પીના જવાબો પૂર્ણ કરીને પેનનું ઢાંકણ બંધ કરવા જઈ રહ્યા હતા, ત્યાં જ સેવક સંતે તેમની સામે બીજી થપ્પી મૂકી. તેમણે તરત જ ફરી પેન ખોલી લખવાનું શરૂ કરી દીધું. ઉપસ્થિત એક સંતે વિનંતી કરી, ‘‘સ્વામી! હમણાં રહેવા દો. થોડો આરામ કર્યા પછી જવાબ આપજો.’’ ત્યારે પ્રમુખસ્વામી મહારાજે અત્યંત સહજતાથી કહ્યું, ‘‘પત્ર લખનાર કાગડોળે જવાબની રાહ જોતો હશે અને આપણે બેસી રહીએ, એ કેમ ચાલે? આજે આ પત્રોના જવાબ નહીં આપું તો આવતીકાલે નવા પત્રો ઉમેરાશે અને થપ્પી વધુ મોટી બનશે. તેથી આજનું કામ આજે જ પૂર્ણ કરી લેવું શ્રેષ્ઠ.’’

આ શબ્દોમાં કોઈ આડંબર નહોતો પરંતુ શ્રેષ્ઠ જીવન જીવવાની સહજ અને વ્યવહારુ શૈલી સમાયેલી હતી.

વિખ્યાત વિચારક ગેટેએ સુંદર શબ્દોમાં કહ્યું છે, ‘‘જે તમે કરી શકો છો અથવા જે કરવાનું સ્વપ્ન જુઓ છો, તેની શરૂઆત આજે જ કરો. સાહસમાં શક્તિ છે, જાદુ છે અને પ્રતિભા છે.’’ ખરેખર, શરૂઆત કરવાનું સાહસ જ સફળતાની પ્રથમ સીડી છે. તેમાં

> **શરૂઆત કરવાનું સાહસ જ સફળતાની પ્રથમ સીડી છે, તેમાં બેદરકારી ના ચાલે, આપણા હાથમાં માત્ર ‘આજ’ અને ‘અત્યારે’ છે**

બેદરકારી ના ચાલે. આપણા હાથમાં માત્ર ‘આજ’ અને ‘અત્યારે’ છે. તેથી ‘કાલ’ના વાયદા છોડીને ‘આજે’ને અર્થસભર બનાવીએ.

ખરેખર, દરેક કાર્ય સમયસર પૂર્ણ કરવાની ટેવ કેળવીએ અને જીવનનું એક અચૂક સત્ય સતત યાદ રાખીએ. બેદરકાર માણસની કોઈ દરકાર કરતું નથી કારણ કે ‘કાલે’, ‘હમણાં નહીં’ અને ‘પછી કરીશું’ જેવા શબ્દોએ કેટલાકનાં સપનાંઓને અધૂરાં જ રાખી દીધાં છે. આપણે તો એમાં નથી ને?